HELP TO CONVERSATION.

IN ENGLISH AND GUJARATI.

:o:

I am,
હું છું.
Thou art,
તું છે.
He is,
તે છે.
We are,
અમે છીએ.
You are,
તમે છો.
They are,
તેઓ છે.
I was,
હું હતો.
Thou wast,
તું હતો.
He was,
તે હતો.

We were,
અમે હતા.
You were,
તમે હતા.
They were,
તેઓ હતા.
If I be,
જો હું હોઉં.
If thou be,
જો તું હોય.
If he be,
જો તે હોય.
If we be,
જો અમે હોઇએ.
If you be,
જો તમે હોવ.
If they be,
જો તેઓ હોય.

If I were,
જો હું હોત.

If thou wert,
જો તું હોત.

If he were,
જો તે હોત.

If we were,
જો અમે હોત.

If you were,
જો તમે હોત.

If they were,
જો તેઓ હોત.

I write,
હું લખુ છું.

Go in,
અંદર જા.

Go out.
બહાર જા.

Go on,
આગળ ચાલ.

Who are you?
તમે કોણ છો?

Go down,
નીચે જા.

Lie down,
લેટી જા.

He can
તે શકે છે.

Ask him,
તેને પુછો.

Call him,
તેને બોલાવો

Speak out,
મોટેથી બોલ

I went,
હું ગયો.

It is far?
તે દુર છે કે?

Good morning, sir, સલામ, સાહેબ. (સહવારની વખતે.)

Good noon, sir, સાહેબજી (બપોરની સલામ.)

Good afternoon, sir, સાહેબજી (બપોર પછીની સલામ.)

Go back,
પાછો જા.
Go up,
ઉપર જા.
Go away,
નીકળ; જા.
Go there,
ત્યાં જા.
Go slowly,
ધીમે જા.
Go soon,
જલદી જા.
Go home,
ઘરે જા.
Come near,
નજદીક આવ.
Come soon,
જલદી આવ.
Stand back,
પછવાડે ઉભો રહે.
Stand up,
ઉભો થા.

Get up,
ઉઠ.
Sit down,
બેસી જા.
Do so,
એમ કર.
It is near,
તે નજદીક છે.
Do it,
તે કર.
I can not,
મારાથી થતું નથી.
Read low,
ધીમે વાંચ.
Tell him.
તેને કહો.
Send him,
તેને મોકલ.
Don't go,
જતો ના.
Sit quiet,
ચુપ બેસો.

Good evening, sir. સાહેબ મહેરબાન (સાંજની વખતે)

Good night, sir. સાહેબજી (રાતની સલામ)

What is your name, sir? તમારૂં નામ શું, સાહેબ?

My name is Jeejeebhoy. મારૂં નામ જીજીભાઈ છે.

What do you want? તમને શું જોઇએ છે?

I want a pair of scissors મને કાતર જોઇએ છે.

Where is Pirojsha? પીરોજશાહ ક્યાં છે?

He is in his room, તે પોતાના ઓરડામાં છે.

Do you wish to see him? તમારે તેને મળવું છે!

Yes, please, હા, મહેરબાન.

Who gave you this duster? આ પાટીયું લુછવાનું કપડું તમને કોણે આપ્યું?

Who is there? એ કોણ છે?

It is I, એતો હું છું.

Is Adi there? અદી ત્યાં છે કે?

I am here, papa. હું અહીં છું, બાવાજી

Is Khurshedji up? ખરશેદજી ઉઠ્યા છે?

Wait for me. મારી રાહ જોજે.

When did you come? તમે ક્યારે આવ્યા?

I came here yesterday હું ગઈ કાલે અહીં આવ્યો,

Did you read this book? આ ચોપડી તમે વાંચી?

I will read it to-morrow. હું આવતી કાલે વાંચીશ.

Is this a useful book? આ ચોપડી કામની છે?

This is a very useful book.	આ ચોપડી ઘણી કામની છે.
Where did you buy it?	તમે તે કયાંથી ખરીદ કરી?
I bought it at Mukadam's.	મેં મુકાદમની દુકાનેથી ખરીદી.
Where is his shop?	તેની દુકાન કયાં છે?
Follow your nose.	સીધા ચાલ્યા જાઓ.
Is this of any use to you?	આ તમારા કામનું છે?
It is of no use to me.	તે મારાં કામનું નથી.
Are you busy to-day?	આજે તમે કામમાં છો કે?
No, I am at leisure.	ના, મને ફુરસદ છે.
He is at dinner.	તે ખાવા બેઠા છે.
Will you copy this out for me?	મારા માટે આની નકલ ઉતારશો?
I am tired of writing.	હું લખતાં થાકી ગયો છું.
Come, come, do not be silly.	ચાલ, ચાલ, બેવકુફ ના બન.
Give me my stick.	મારી લાકડી મને આપો.
Here it is, sir.	આ રહી સાહેબ.
I intend to ride.	હું સ્વારી કરવાને ઇચ્છું છું.
When will you see me again?	મને પાછા કયારે મળશો?
If God wills it, to-morrow sir,	ખોદા કરશે તો આવતી કાલે.
What do you think of him?	તેના વીશે તમારૂં કેવું મત છે?

Is he a clever man?	તે હુશીયાર છે કે?
I believe so.	હું એમ ધારૂં છું.
Who told you so?	એમ તમને કોણે કહ્યું?
May I go to-day, sir?	હું આજે જાઉં સાહેબ?
Go to-morrow.	આવતી કાલે જજો.
Will you come this after-noon?	આજે બપોરપછી આવશો?
I will come in half an hour	હું અડધા કલાકમાં આવીશ.
They will come to-day.	તેઓ આજે આવશે.
What time is it?	કેટલી વેળા થઇ છે?
What o'clock is it?	કેટલા વાગ્યા છે?
It is past ten.	દશ વાગી ગયા.
It is a quarter past four.	સવા ચાર થયાછે.
It is half-past four.	સાડાચાર થયા છે.
It is almost six.	લગભગ છ થયા છે.
It is midday.	મધ્યાન બપોર થઈ છે.
It is midnight.	મધ્યાન રાત થઈ છે.
Stay a minute.	પળભર થોભો.
What is the day of the week?	આજે શો વાર છે?
To-day is Sunday.	આજે રવીવાર છે.
What is the day of the month to-day?	આજે તારીખ શી છે?
This year.	ચાલુ; આ સાલ.
Last year.	પોર; ગુદસ્ત સાલ.

A year ago,	વરસની વાત ઉપર; વરસ અગાઉ
Next year.	આવતે સાલ.
Can you speak English?	તમને ઇંગ્રેજી બોલતાં આવડે છે?
I can speak a little.	મને થોડું બોલતાં આવડે છે.
He wishes to learn Persian	ફારશી શીખવાની તેની ઇચ્છા છે.
Come to school.	નીશાળે આવો.
Where is your school?	તમારી નીશાળ કયાં છે?
It is in Fort.	તે કોટમાં છે.
What school do you attend?	તમે કઇ નીશાળે જાઓ છો?
I attend the Grant Road Proprietary High School.	હું ગ્રાંટરોડ પ્રોપ્રાયટરી હાઇસ્કુલમાં જાઉં છું.
Is it a new school?	શું તે સ્કુલ નવી નીકળી છે?
No, it was founded in 1860 by Mr. Hormusji Jehanghir.	ના, તે શેઠ હોરમસજી જાહાંગીરે શને ૧૮૬૦ માં સ્થાપી હતી.
In what part of the town is it?	તે શાહેરમાં કયે ઠેકાણે છે?
On the Gowalia Tank Road.	ગોવાળીઆ તળાવના રસ્તા ઉપર.
Who is the head master?	વડા શિક્ષક કોણ છે?
Mr. Munchersha H. Taleyarkhan,	શેઠ મનચેરશા હો. તાલેયારખાન

Where is the teacher?	શીક્ષક ક્યાં છે?
He is in the first class.	તે પહેલા વર્ગમાં છે.
Take your seat.	બેસો.
Where shall I sit?	હું ક્યાં બેસું?
In the office room.	આફીસવાળા ઓરડામાં બેસો.
Sit down in your place.	તમારી જગોપર બેસો.
Read your lesson.	તમારો પાઠ વાંચો
Where shall I begin, sir?	હું ક્યાંથી શરૂ કરૂં સાહેબ,
Don't make noise.	ગોંગાટ ના કરો.
Have you a pen knife?	તમારી કને ચાકુ છે?
I have lost it.	મેં તે ખોઇ દીધી છે
Go and look for it.	જાવો, શોધી કાઢો.
May I go out, sir.	હું બહાર જાઉં, સાહેબ.
Go, but return soon,	જાવો, પણ જલદી પાછા આવજો.
I cannot find my slate.	મારી પાટી મને જડતી નથી.
Where did you leave it.	તમે તે ક્યાં મુકી હતી.
He came late.	તે મોડો આવયો.
Why are you late?	તમે મોડું કેમ કરયું?
Read the sentence.	વાક્ય વાંચ.
Mind the stops.	ટાંપ ધ્યાનમાં રાખજે.
Translate this page.	આ પાનાનો તરજુમો કરો.
Read by turns.	પાળી પ્રમાણે વાંચો.
Say your lesson.	તારો પાઠ વાંચ.

To-day is a holiday.	આજે તેહેવાર છે.
What holiday is it?	કયો તેહેવાર છે?
To-day is a Parsi holiday.	આજે પારસીઓનો તેહેવાર છે.
This is a silk handkerchief,	આ રેશમી રૂમાલ છે.
Where is your umbrella?	તમારી છત્રી કયાં છે?
My umbrella is broken.	મારી છત્રી ભાંગી ગઈ છે.
He has lost his turban.	તેણે પોતાની પાઘડી ખોઈ છે.
Call the peon (પ્યુન).	પટાવાળાને બોલાવો.
Get me a piece of chalk.	સફેદાનો એક કકડો મને લાવી આપો.
I read (રેદ) once.	મેં એક વેળા વાંચયું
Please to lend me your pen-knife.	મેહેરબાની કરીને જરા તમારો ચપ્પુ મને આપો.
The sleeve of your coat is torn.	તમારા ડગલાની બાંહે ફાટી ગઈ છે.
I bought a stick,	મેં એક લાકડી વેચાતી લીધી
This is a fine stick,	આ સારી લાકડી છે.
Whose ball is shis?	આ દડો કોણનો છે?
Mine, it is mine.	તે મારો છે.
Who has taken my pencil?	મારી સીસાપેન કોણે લીધી છે?
Is this your pen?	આ કલમ તમારી છે?
No, it is not mine.	ના એ મારી નથી.

Who gave it to you?	એ તમને કોણે આપી?
I found it on the road.	મને રસતાપરથી જડી.
Where is Nariman?	નરીમાન કયાં છે?
He is ill, sir.	તે આજારી છે, સાહેબ.
How long has he been absent?	તે કેટલું થયું ગેરહાજર છે?
He has been absent for ten days.	તે દશ દહાડા થયા ગેરહાજર છે.
He has been absent since Monday last.	તે ગયા સોમવારનો ગેરહાજર છે.
Preserve us, O God, from sin	હે પ્રભુ, પાપથી અમારૂં તારણ કર.
This man boasts of his knowledge.	આ માણસ પોતાનાં જ્ઞાનનો અહંકાર કરે છે.
Will you have some fruit?	કાંઈ ફળ લેશો?
No, thank you, I have quite enongh	ના, ઉપકાર માનું છું, મારી પાસ તદન પુરતું છે.
I doubt your arriving in time.	તમારાથી વખતસર અવાશે એ વિષે મને શક છે.
Is your pen-knife sharp?	તમારા ચપ્પુની ધાર છે કે?
No it is blunt.	ના, તે બુઠી છે.
My ball is without a seam.	મારા દડાને સાંધો નથી.
What is that boy sell-	પેલો છોકરો શું વેચે છે?

ing?	
Dal fried in oil.	તેલમાં તળેલી ડાળ.
Bring my spectacles.	મારા ચશમા લાવ.
Where are your shoes?	તમારા જોડા ક્યાં છે?
My purse is empty.	મારી કોથળી ખાલી છે.
Your coat is inside out.	તમારી ડગલી અવળી છે.
I am very hungry.	મને ઘણી ભુખ લાગી છે.
What do you wish for breakfast?	નાસ્તા ઉપર શું લેવા ઇચ્છો છો.
Is dinner ready?	બપોરનું જમવાનું તૈયાર છે?
Fry these plantains.	આ કેળાં તળી કાઢો.
Is this milk?	આ દુધ છે કે?
Stew the fowl.	મરઘીને આંચ દેવો.
Roast the mutton.	ગોશને ભુંજો.
Boil the potatoes	બટાટાને બાફો.
There is plenty of fish to-day.	આજે પુષ્કળ માછલી આવી છે.
Give me a slice of bread.	મને પાંઉની એક કાતરી આપો.
The rice is not well bolied.	ચાવલ બરાબર સિજયા નથી.
This curry is very hot.	આ કરી ઘણી ગરમ છે.
Cocoa-nuts are now dear.	નાળીએર હમણા મોઘાં છે.

He always chews green ginger.	તે હમેશા આદું ચાવે છે.
This is dry ginger.	આ સુંઠ છે.
It is preserved ginger.	તે આદાનો મુરબ્બો છે.
Make bringal curry to-day.	આજે વેંગણાની ખુરીયાની કરો.
There were no eggplants in the market.	બજારમાં વેંગણાં હતાં નહિ.
Let me have a cup of tea.	મને એક પ્યાલો ચા આપો.
Let me have some coffee.	મને થોડી કાફી આપો.
Boil two eggs.	બે ઇંડા બાફે.
The dinner is on the table.	જમણુ મેજ ઉપર છે.
Do you like cucumber?	તમને કાકડી ગમે છે?
Get some onions.	થોડાક કાંદા લાવો.
How much pepper do you want?	તમને કેટલાં મરી જોઇએ છે?
Bring the cheese.	પણીર લાવ.
Snuff has a bad smell.	તપકીરનો વાસ ખરાબ હોય છે.
Snuff-taking is a nasty habit.	તપકીર સુંઘવાની ટેવ ખરાબ છે.
There is no paddy.	ભાત નથી.
Who spilt the milk.	દુધ કોણે ઢોળી નાખયું?

I am fond of sweetmeats.	મને મીઠાઇ ઘણી ગમે છે.
Do not smoke cigars.	બીડી ના પી.
He is chewing tobacco.	તે તંબાકુ ચાવે છે.
It is jaggory.	તે ગોળ છે.
Where is molasses?	કાકવી ક્યાં છે !
Do not chew betel.	સોપારી ચાવતો ના.
Do not waste the crust.	પોપડો નાખી ના દો.
Vinegar is sour.	સરકો ખાટો છે
The yams are large.	રતાળુ કંદ મોટો થાય છે.
I want a bushel of gram.	મને એક બુશલ ચણા જોઇએ છે.
Where is the stable?	તબેલો ક્યાં છે. ?
Put water in the bath.	નહાનીમાં પાણી મુકો.
Shut the fowl house.	મરઘાંનું પાંજરૂં બંધ કર.
Where is the key of the closet?	બાડાની કુંચી ક્યાં છે.
It is in the bunch of keys,	તે કુંચીઓના ઝુમખામાં છે.
This is a small house.	આ નાનું ઘર છે.
There is a well in the compound.	ચોકમાં એક કુવો છે.
The verandah has two pillars	ઓટલાને બે થાંભલા છે.
The house is white-washed.	ઘરને ચુનો લગાડેલો છે.

The stair has ten steps. દાદરને દશ ઠુાંગીઆં છે.

Paint the doorposts. દરવાજાના ચોકઠાં રંગો.

The beam is strong. ભારવટીઓ મજબુત છે.

The rafters are of toak. વાંસા સાગના છે.

Some tiles are broken. કેટલાક નળીયાં ભાંગેલાં છે.

A new ceiling is wanted. નવી છત કરવી જોઇએ છે.

The roof must be thatched. છાપરૂં છાજવું જોઇએ.

One hinge is broken. એક મીજાગરૂં ભાગી ગયું છે.

Point to the lintel. દરવાજાનું ચોકઠું દેખાડો.

Open the shutters. બારણાં ઉઘાડો

Shut the window. બારી બંધ કરો.

Is the ditch deep ? ખાડી ઉંડી છે કે?

The drain is full of water. મોરી પાણીથી ભરાઈ ગઇ છે.

He lives across the river. તે નદીની સામે પાર રહે છે.

A great many people have come. ઘણાં લોક આવ્યાં છે.

I saw a few deer. મેં થોડાં હરણ દીઠાં

Get me a few pieces of cloth. કપડાંના થોડાક તાકા આપો.

I gave a hundred rupees. મેં સો રૂપીઆ દીધા.

The book is worth four annas.	તે ચોપડીની કીંમત ચાર આના છે.
A Mr. James told me so.	જેમ્શ નામના કોઈ શખ્સે મને કહ્યું.
The sun is set.	સુરજ અસ્ત પાંમ્યો છે.
The moon goes round the earth.	ચંદ્ર દુન્યાની આસપાસ ફરે છે.
I like this book the best.	બધાં કરતાં આ ચોપડી મને ઘણી પસંદ છે.
Water is good.	પાણી સારૂં છે.
Sinners will be punished.	પાપીઓને શીક્ષા મળશે.
Cold is unpleasant.	થંડી અળખામણી છે.
Rain is good to us.	વરસાદ આપણને ફાયદાકારક છે.
Iron is hard	લોખંડ કઠણ હોય છે.
Gold is valuable.	સોનુ કિમતી હોય છે.
It is my turn to read.	વાંચવાની પાળી મારી છે.
Give him my respects	તેને મારી સલામ કહેજો.
What is his employment?	તે શું ધંધો કરે છે?
I do not care which book you take.	કોઈપણ ચોપડી તમે લેવો તેની મને કાંઈ દરકાર નથી.
He is playing in the street	તે ફળીઆંમાં રમે છે.

A few scholars are absent.	થોડાજ નિશાળીઆ ગેરહાજર છે.
Are all the boys present?	શું સઘળા છોકરા હાજર છે?
Saddle the horse.	ઘોડા પર જીન નાખો.
The girths are loose.	તંગ ઢીલા છે.
Pray morning and evening.	સવાર સાંઝ બંદગી કરો.
Be not proud.	મગરૂર થતા ના.
Do not waste time.	વેળા ગુમાવો ના.
How are you?	તમે કેમ છો?
I am quite well, thank you.	હું સારી પેઠે છું અને તમારો ઉપકાર માનું છું.
I hope you are well too.	આશા રાખું છું કે તમે પણ સારીપેઠે હશો.
Are you going to school to-day?	આજ નિશાળે જવાનાં છો ?
There is no school to-day.	આજ નિશાળ ઉઘાડી નથી.
Why, what is there to-day?	કાં આજે શું છે?
He is in the adjoining room.	તે પાસેના ઓરડામાં છે.
What is he doing.	તે શું કરે છે?

He is busy with his accounts.	તે પોતાના હિસાબમાં મશગુલ છે.
Prescribe lessons for to-morrow.	આવતી કાલ માટે પાઠ આપો.
It is difficult to learn so many lines at once, sir.	આટલી બધી લીટી એકદમ શિખવી મુશકેલ છે, સાહેબ.
Take this boy to the head-master.	આ છોકરાને વડા શિક્ષક આગળ લઇ જા.
May I, sir.	હું લઈ જાઉં સાહેબ ?
Or I, if you please.	અથવા તમારી મરજી હોય તો હું લઇ જાઉં.
Yes, do take him.	હા, એને લઈ જા
What shall I tell the head-master, sir?	વડા શિક્ષકને શું કહું, સાહેબ ?
The boy is to stand on the form.	છોકરાને બાંક ઉપર ઉભું રહેવું છે.
How long?	ક્યાં સુધી?
During your pleasure.	તમારી મરજી પડે ત્યાં સુધી.
Kindly teach me how to do this sum.	આ દાખલો કેમ કરવાનો તે મેહેરબાની કરી મને શીખવો.
Try it yourself.	તમે જાતે તજવીજ કરો
I tried it.	મેં તજવીજ કરી.

But I did not succeed.	પણ હું ફાવ્યો નહી.
How is this sum to be done?	આ દાખલો કેમ કરવાનો ?
I have done it myself.	મેં તે પોતે કર્યો છે.
Yo have not seen our exercise books, sir.	તમે અમારી એક્સરસાઇઝ તપાસી નથી, સાહેબ.
How many days will the examination last?	પરીક્ષા કેટલા દહાડા ચાલશે ?
Why is the Library room so full to-day	લાઇબ્રેરીનો ઓરડો આજે એટલો કેમ ભરાઈ ગયો છે?
A lecture is being given there.	ત્યાં ભાષણ ચાલે છે.
Can you find me a seat?	મને એક બેઠક મેળવી આપશો ?
The seats must be paid for.	બેઠકને માટે પઇસા આપવા પડે છે.
They are free I suppose,	હું ધારૂં છું કે બેઠક માટે કાંઇ આપવું પડતું નથી.
This is quite wrong,	આ તદન ખોટું છે.
I apologize,	હું માફ માગું છું
I accept your apology,	તમારી માફી કબુલ કરૂં છું.
Be eager for truth.	સત્ય માટે આતુર રહેજો.

Is what I tell you true?	હું તમને કહું છું તે સાચું છે ની?
What you tell us is true.	તમે જે અમને કહોછો તે સાચું છે.
Can you play any instrument?	તમને કાંઈ વગાડતાં આવડે છે?
Yes, I play the violin.	હાજી, મને સારંગી વગાડતાં આવડે છે.
He plays at billiards.	તે 'બિલ્યર્ડ્ઝ' રમે છે.
Will you play a game at chess with me?	મારી સાથ શેત્રંજબાજી રમશો?
No, I do not know much about chess.	ના, મને શેત્રંજબાજી ઘણી નથી આવડતી.
The Caucus case is long.	'કોકસ'નો મુકદમો લાંબો ચાલશે.
It is adjourned until April next.	તે આવતા એપ્રીલ સુધી મુલતવી રહ્યો છે.
Does your watch gain?	શું તમારી ઘડીઆળ વધતી ચાલે છે?
No, it loses.	ના, તે ઓછી જાય છે.
My clock goes very well	મારી મોટી ઘડીઆળ ઘણી ઠીક ચાલે છે.
His watch gains ten minutes a day.	તેની ઘડીઆલ રોજ દશ મીનીટ વધતી ચાલે છે.

He put it forward five minures	તેણે દશ મીનીત આગળ રાખી.
My clock strikes the half-hour.	મારી મોટી ઘડીઆળ દર અડધે કલાકે વાગે છે.
Your clock only strikes the hour.	તમારી મોટી ઘડીઆળ માત્ર કલાકેજ વાગે છે.
Did you wind up your clock ?	તમે તમારી ઘડીઆળને ચાવી દીધી ?
I forgot to do it.	હું તે કરવાને ભુલી ગયો.
It has stopped.	તે અટકી છે.
Is it out of order ?	શું તે બગડી છે?
It is out of order.	તે બગડેલી છે.
Have it cleaned.	સાફ કરાવો.
What o'clock is it by your watch ?	તમારી ઘડીઆળમાં કેટલા વાગ્યા છે?
It is ten by my watch.	મારી ઘડીઆળમાં દશ થયા છે.
But it gains.	પણ તે વધતી ચાલે છે.
How much does it gain a day ?	દહાડામાં તે કેટલી વધતી ચાલે છે ?
It gains ten minutes a day.	દહાડામાં તે દશ મીનીત વધતી ચાલે છે.
Do I change any where on the journey ?	મુસાફરીમાં કેઠે ગાડી બદલવી પડશે ?